ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ
મધ્યસ્થ કચેરી, રાણીપ બસ સ્ટેશન પાસે,
રાણીપ, અમદાવાદ.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (હવે પછીથી નિગમ ધ્વારા ઉલ્લેખ કરવામા આવશે) ધ્વારા નીચે જણાવેલ કક્ષાની સીધી ભરતી **(ફીક્સ પગાર)** ની જગ્યાઓ અન્વયે પસંદગીયાદી / પ્રતીક્ષાયાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર નીચે જણાવેલ સમયગાળા દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે. જેમાં ઉમેદવારે photo ૧૦ KB અને signature ૧૦ KB સાઇઝથી (Photoનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signatureનું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) વધારે નહિ તે રીતે jpg format માં scan કરી અરજીપત્રકમાં અપલોડ કરવાનો રહેશે.

ઓનલાઈન અરજીપત્રકમાં અરજદારે પોતાનો જ ફોટો તથા સહી અપલોડ કરવાની રહેશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

અરજી કરવાની વિગતવાર સુચનાઓ / જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ, અનુભવ તેમજ અન્ય લાયકાતનાં બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. જેથી અરજીમાંની ખોટી વિગતોના કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહિં.

નીચે દર્શાવેલ કક્ષા સંબંધિત તમામ સુચનાઓ નિગમની વેબસાઈટ https://gsrtc.in પર મુકવામાં આવશે જેથી અરજદારે સમયાંતરે નિગમની વેબસાઈટ અચૂક જોવાની રહેશે. અરજી પત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. અવશ્ય દર્શાવવો અને ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી અને ઉમેદવારના હિતમાં છે.

**કક્ષાનું નામ - હેલ્પર**

**ફીકસ પગાર** – પાંચ વર્ષ માટે રૂ.૨૧,૧૦૦ /-

**કુલ જગ્યાઓ – ૧૬૫૮**

**ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો:- તા.૦૬/૧૨/૨૦૨૪ થી તા.૦૫/૦૧/૨૦૨૫ (૨૩:૫૯ કલાક સુધી)**

**સંયુક્ત પરીક્ષા અંગેની પ્રોસેસ ફી સ્વિકારવાનો સમયગાળો:- તા. ૦૬/૧૨/૨૦૨૪ થી તા.૦૭/૦૧/૨૦૨૫ (૨૩:૫૯ કલાક સુધી)**

| | કુલ જગ્યા | બિન અનામત | | આર્થિક રીતે નબળો વર્ગ (E.W.S.) | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુ. જાતિ | | અનુ. જન જાતિ | | કુલ જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી સૈનિક | દિવ્યાંગ |
| ફાળવણી | 1658 | 494 | 243 | 130 | 64 | 244 | 120 | 69 | 34 | 174 | 86 | 331 | 66 |

## A. <u>મુખ્ય સુચનાઓ:-</u>

1) ઉપરોક્ત દર્શાવેલ જાહેરાતમાં જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાનો નિગમને અબાધિત હક્ક રહેશે.

2) **<u>ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રક ભર્યા બાદ તેની એક પ્રિન્ટ આઉટ મેળવીને પોતાની પાસે સાચવીને રાખવી જયારે નિગમ ધ્વારા અરજીપત્રક રજુ કરવા જણાવવામાં આવે ત્યારે અચુક લાવવાનું રહેશે.</u>**

3) જાહેરાતમાં દર્શાવેલ અનામતની જગ્યાઓમાં રોસ્ટર પદ્ધતિ બાબતેની નીતિ અને નિયત ટકાવારી અનુસાર ફેરફાર/ સુધારો કરવાનો નિગમને અબાધિત હક્ક રહેશે.

4) જો ઉમેદવારે આ કક્ષામાં એકથી વધુ અરજીપત્રક ભરેલ હશે તો તેવા ઉમેદવારનું અંતિમ ભરેલ અરજીપત્રક જ વિચારણામાં લેવામાં આવશે અને બાકીના અરજીપત્રકો આપોઆપ રદ થયેલા ગણાશે, જે અંગે ઉમેદવાર કોઇ તકરાર ઉપસ્થિત કરી શકશે નહિ.

5) કોઇપણ ઉમેદવારે એક થી વધુ અરજીપત્રક ભરેલ હોય અને અલગ-અલગ અરજીપત્રકમાં પોતાના નામ / પિતા/પતિના નામ અને અટકમાં સ્પેલીંગમાં મીસ્ટેક કરેલ હશે અથવા એન્ટ્રી કરવામાં સ્પેસ અલગ-અલગ રીતે રાખેલ હશે તેવા સંજોગોમાં એક જ ઉમેદવારને એક થી વધુ અરજીપત્રક સામે એક થી વધુ કોલલેટર મળવા પામશે તેવા સંજોગોમાં ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) લેખિત પરીક્ષા સમયે રુબરુ આઇ.ડી. પ્રુફ રજુ કર્યેથી આઇ.ડી.પ્રુફની વિગતો મુજબ સાચી માહિતીવાળા કોલલેટર સામે ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) લેખિત પરીક્ષા આપવા પાત્ર થશે. આઇ.ડી. પ્રુફ મુજબ અરજીપત્રકની વિગતોમાં ક્ષતિ / ભુલ હશે તો ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) પરીક્ષા આપવા દેવામાં આવશે નહિ.

6) લઘુત્તમ શૈક્ષણિક લાયકાત તરીકે આઈ.ટી. આઈ.ના ૫૫% વેઈટેજ તથા અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત તરીકે એપ્રેન્ટિસના ૧૫% વેઈટેજ એમ કુલ-૭૦% વેઈટેજમાંથી મેળવેલ મહત્તમ વેઈટેજના આધારે જાહેરાતમાં દર્શાવેલ અનામત / બિનઅનામત જગ્યાઓ ધ્યાને લઈ, ૧૦૦ ગુણની ઓ.એમ.આર. લેખિત પરીક્ષા માટે ૧:૧૫ ના રેશિયો મુજબ ઉમેદવારોને બોલાવવામાં આવશે. ૧:૧૫ મુજબ ઉમેદવારોને બોલાવવામાં આવે ત્યારે છેલ્લા કટ ઓફ મુજબનું સરખુ વેઈટેજ ધરાવતા તમામ ઉમેદવારોને ૧૦૦ ગુણની ઓ.એમ.આર. લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

7) ઓ.એમ.આર. લેખિત પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારો પૈકી ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) લેખિત પરીક્ષામાંથી મેળવેલ ગુણના ૩૦% વેઈટેજ તથા શૈક્ષણિક લાયકાતના ૭૦% વેઈટેજ (આઈ.ટી. આઈ.ના ૫૫% તેમજ એપ્રેન્ટિસના ૧૫%) એમ કુલ-૧૦૦% વેઈટેજમાંથી મેળવેલ વેઈટેજ મુજબ સૌથી ઉંચુ વેઈટેજ ધરાવતા ઉમેદવારોની જાહેરાતમાં દર્શાવેલ અનામત / બિનઅનામત જગ્યાઓ ધ્યાને લઈ, મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ મેરિટ યાદીનાં આધારે આખરી દસ્તાવેજ ચકાસણી માટે ૧ જગ્યા સામે ૧.૫ (દોઢ) ગણા મુજબના ઉમેદવારોને અથવા નિગમની જરૂરિયાતના પ્રમાણમાં એક સાથે / તબક્કાવાર ઉમેદવારોને બોલાવવામાં આવશે અને તેમાંથી યોગ્ય માલુમ પડ્યેથી પ્રોવિઝનલ પસંદગીયાદી / પ્રતિક્ષાયાદી બનાવવામાં આવશે.

8) આ જાહેરાત અન્વયે પસંદગી પામનાર ઉમેદવારોને નિગમની જરૂરિયાત મુજબ કોઇ પણ વિભાગ / ડેપો ખાતે નિમણૂંક આપવામાં આવશે અને તેઓ જે તે નિમણૂંકના વિભાગની પસંદગી યાદીના ગણાશે.

9) નિમણુંક પામેલ ઉમેદવારની બે વર્ષ દરમ્યાનની કામગીરીની સમીક્ષા નોકરીનાં બે વર્ષ પૂર્ણ થયેથી કરવામા આવશે અને જો કામગીરી સંતોષકારક જણાય તો જ બાકીના સમય માટે ચાલુ રાખવામાં આવશે.

10) આ સીધી ભરતીની જાહેરાત અન્વયે નિગમના પડતર આશ્રિત ઉમેદવારો પણ નિયમો અને જોગવાઇઓ પરિપુર્ણ કરતા હશે તો અરજી કરી શકશે અને તેઓ સીધી ભરતીના ઉમેદવાર ગણાશે.

11) ગુજરાત સરકારશ્રીના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૧૭/૫/૨૦૧૪ ના ઠરાવ નંબર : એસટીસી-૧૦૨૦૦૯/૮૬૯/ધ મુજબ નિગમના પડતર આશ્રિત ઉમેદવારો માટે મંજુર થયેલ જગ્યાઓના ૩૩% જગ્યાઓ અનામત રાખવામાં આવશે. સદર જગ્યાઓમાં નિયત કરેલ લાયકાત ધરાવતા આશ્રિત ઉમેદવારો મળવા પામશે નહીં તો તે જગ્યાઓ યોગ્ય લાયકાત ધરાવતા અન્ય ઉમેદવારોમાંથી ભરવામાં આવશે.

12) સદરહુ જાહેરાત નિગમ દ્વારા હેલ્પર કક્ષાના રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત કર્યા બાદની સ્થિતિ ધ્યાને લઇ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

## B. કક્ષાને લગતી વિગત :-

| | | |
|---|---|---|
| ૧ | વયમર્યાદા | ૧૮ થી ૩૫ વર્ષ |
| ૨ | લઘુત્તમ શૈક્ષણિક લાયકાત | • સરકાર માન્ય આઈ.ટી.આઈ.નો મીકેનીક મોટર વ્હીકલ અથવા મીકેનીક ડીઝલ અથવા જનરલ મીકેનીક અથવા ફીટર અથવા ટર્નર અથવા ઇલેક્ટ્રીશીયન અથવા શીટ મેટલ વર્કર અથવા ઓટો મોબાઇલ્સ બોડી રીપેરર અથવા વેલ્ડર અથવા વેલ્ડર કમ ફેબ્રીકેટર અથવા મશીનીસ્ટ અથવા કારપેન્ટર અથવા પેઇન્ટર જનરલ અથવા ઓટો મોબાઇલ પેઇન્ટ રીપેરરનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ પાસ. |
| ૩ | અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત | • સરકારી / અર્ધ સરકારી /જાહેર સાહસ (પબ્લિક અન્ડર ટેકીંગ ) અથવા કોઈપણ લીમીટેડ /પ્રાઈવેટ લીમીટેડ કંપનીમાં લઘુત્તમ શૈક્ષણિક લાયકાતમાં દર્શાવેલ ટ્રેડમાં એપ્રેન્ટીસશીપ પુર્ણ કરી હોય અને તે પાસ કર્યા અંગેનું એન.સી.વી.ટી.(નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનીંગ)/જી.સી.વી.ટી.(ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનીંગ) નું પ્રમાણપત્ર અને માર્કશીટ. |

**સીધી ભરતીની પ્રક્રીયા માટે નિયત કરેલ વેઇટેજ ગુણ : ૧૦૦ ગુણ**

| અ.નં. | વિગત | | ગુણ |
|---|---|---|---|
| 1) | શૈક્ષણિક લાયકાત માટેના વેઇટેજ ગુણ | | ૭૦ ગુણ |
| | 1. લઘુત્તમ શૈક્ષણિક લાયકાત માટે વેઈટેજ.<br>• (લઘુત્તમ શૈક્ષણિક લાયકાતમાં મેળવેલ ટકાવારીના પ્રમાણસર) | ૫૫ ગુણ | |
| | 2. અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત માટે વેઈટેજ<br>• (અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાતમાં મેળવેલ ટકાવારીના પ્રમાણસર) | ૧૫ ગુણ | |
| 2) | O.M.R પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટી માટેના વેઇટેજ ગુણ | | ૩૦ ગુણ |
| 3) | કુલ | | ૧૦૦ ગુણ |

1 **ઉમેદવાર જો અગ્રતા માટેની વધારાની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તો અગ્રતા માટેની વધારાની શૈક્ષણિક લાયકાતની વિગતો અરજીપત્રકમાં અલગ દર્શાવાની રહેશે, જેમાં પાછળથી ફેરફારને કોઇ અવકાશ રહેશે નહી.**

2 **O.M.R પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટી ૧૦૦ ગુણની પરીક્ષા લેવામાં આવશે જેને ૩૦ વેઈટેજ ગુણમાં ફેરવવામાં આવશે. .**

3 લઘુત્તમ શૈક્ષણિક લાયકાત, અગ્રતા માટેની વધારાની શૈક્ષણિક લાયકાતના ૭૦ ગુણ રહેશે.

4 પ્રોવિઝનલ પસંદગીયાદીમાં પસંદગી પામેલ ઉમેદવારોને વય, જાતિ, શૈક્ષણિક લાયકાતો અને અન્ય જરૂરી અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવશે ત્યારે અસલ પ્રમાણપત્રોની વિગતો કરતાં ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલી વિગતો જુદી કે ખોટી જણાશે તો તેવા ઉમેદવારને પસંદગીને લાયક ગણવામાં આવશે નહી અને તેની ઉમેદવારી રદ ગણવામાં આવશે.

## C. O.M.R પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટી :

**O.M.R પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટીનો ગુણભાર નીચે મુજબ છે. ૧૦૦ ગુણ**

**સમય:-૨:૦૦ કલાક**

| | | |
|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન / ગુજરાતનો ઇતિહાસ / ભુગોળ / ગુજરાતના વર્તમાન બનાવો (ધોરણ-૧૦ કક્ષાનું) | ૩૦ ગુણ |
| ૨ | ગુજરાતી વ્યાકરણ (ધોરણ-૧૦ કક્ષાનું) | ૦૫ ગુણ |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ (ધોરણ-૧૦ કક્ષાનું) | ૦૫ ગુણ |
| ૪ | લાયકાતના વિષય વસ્તુને લગતા પ્રશ્નો | ૫૦ ગુણ |
| ૫ | કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના પ્રશ્નો | ૧૦ ગુણ |
| | **કુલ** | **૧૦૦ ગુણ** |

1) જાહેરાતમાં જણાવ્યા મુજબના સીલેબસ પ્રમાણે ૧૦૦ ગુણની O.M.R પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટી લેવામાં આવશે અને તેનો સમય ૨:૦૦ કલાકનો રહેશે. આ કસોટીમાં ઉત્તિર્ણ થવા માટે લઘુત્તમ ૪૦ ગુણ મેળવવાના રહેશે.

2) ૪૦ થી ઓછા ગુણ મેળવેલ ઉમેદવારને નાપાસ ગણવામાં આવશે.

3) સદર પરીક્ષાના પ્રશ્નપત્રમાં અભ્યાસક્રમનું ધોરણ અને વિષય વસ્તુ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ધોરણ-૧૦ ની કક્ષાના સામાન્ય જ્ઞાન અને લઘુત્તમ શૈક્ષણિક લાયકાતના વિષયોને અનુરૂપ પ્રશ્નોવાળુ પ્રશ્નપત્ર (O.M.R.) રહેશે.

4) પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી વ્યાકરણ (ધો.૧૦ કક્ષાનું) સિવાય ગુજરાતીમાં રહેશે.

5) ૧૦૦ ગુણનું એક પ્રશ્નપત્ર રહેશે અને દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે.

6) O.M.R પદ્ધતિથી ઉત્તરવહીના મુલ્યાંકન માટે સાચા-ખોટા જવાબ, એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક તથા છોડી દીધેલ જવાબોને ધ્યાનમાં લેવામાં આવશે. ખોટા, છેકછાકવાળા, એકથી વધુ વિકલ્પ દર્શાવેલ તથા છોડી દીધેલ જવાબનાં ગુણનું મુલ્યાંકન માઈનસ પદ્ધતિથી કરવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ, ખાલી છોડેલ જવાબ, છેકછાક, એક કરતા વધુ વિકલ્પ માટે પ્રત્યેક જવાબદીઠ ૦.૨૫ ગુણ માઈનસ કાપવામાં આવશે, પરંતુ જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને O.M.R ઉત્તરપત્રમાં વિકલ્પ (E) ડાર્ક કરશે તો તેના માઈનસ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહી.

7) દરેક ઉમેદવારે પોતાની ઓળખ માટે માન્ય ફોટો આઈ.ડી.પ્રુફ જેવા કે (ઇલેકશન ફોટો આઇ.ડી.કાર્ડ (EPIC), ડ્રાયવીંગ લાયસન્સ, પાન કાર્ડ, આધાર કાર્ડ, સરકારશ્રી ધ્વારા અધિકૃત કરાયેલ ઓળખકાર્ડ વગેરે પૈકી કોઈ એક) સાથે લઈને કોલલેટરમાં દર્શાવેલ રીપોર્ટીંગ સ્થળે / તારીખે / સમયે અચુક હાજર થવાનું રહેશે અને રજીસ્ટ્રેશન અંગેની જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

8) જો કોઈ મહિલા ઉમેદવારે લગ્ન પછી અરજી પત્રકમાં પિતાના નામની જગ્યાએ પતિનું નામ દર્શાવેલ હશે તો લગ્ન કર્યા અંગેનું પ્રમાણપત્ર / સોગંદનામું (નોટરી કરાવી) / ગેઝેટ સાથે લાવવાનું રહેશે અને તે પુરાવો પરીક્ષકને / દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરવાનો રહેશે.

9) અસલ કોલલેટર ઉમેદવારે પરીક્ષાના સ્થળે સાથે લાવવાનો રહેશે અને પરીક્ષકને / દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરવાનો રહેશે.

10) O.M.R. ઉત્તરવહીમાં પોતાની ઓળખસૂચક માટે **કોઈપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ ચિહ્ન કે જેનાથી ઓળખ** પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરનાર ઉમેદવારને આ પરીક્ષા માટે ગેરલાયક ઠેરવવામાં આવશે.

11) ઉમેદવારોએ પરીક્ષાખંડમાં / હોલમાં કોલલેટર સિવાય કોઈપણ પ્રકારના હસ્તલિખિત, છાપેલા પુસ્તક કે કાગળની ચિઠ્ઠી, કેલ્ક્યુલેટર, મોબાઈલ ફોન, સેલફોન, સ્માર્ટ વોચ, ઇયર ફોન, બડ્સ કે કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનીક સાધનો લઈ જવાના કે ઉપયોગ કરવાની મનાઈ છે, તેમ છતાં કોઈ ઉમેદવાર આવી વસ્તુ સાથે રાખશે અથવા ઉપયોગ કરતા માલુમ પડશે તો તેવા ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

12) ઉમેદવારે પરીક્ષાની ઉત્તરવહીમાં જવાબ માર્ક કરવા **ભૂરી (બ્લ્યુ) કે કાળી બોલપેનનો જ ઉપયોગ કરવાનો રહેશે.**

## E. પગાર ધોરણ:-

પસંદગી પામનાર ઉમેદવારોને **હેલ્પર** કક્ષામાં પાંચ વર્ષ માટે માસિક રૂ.૨૧,૧૦૦/- ફીકસ પગારથી કરાર આધારીત નિમણુંક અપાશે. તેઓને નિયમાનુસાર મળવાપાત્ર ભથ્થા કે લાભો સિવાયના કોઇપણ ભથ્થા કે લાભ મળવાપાત્ર રહેશે નહી. ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પુરી થયેથી હેલ્પર કક્ષાનો નિગમમાં પ્રવર્તમાન જે મુળ પગાર અમલમાં હોય તે મુળ પગારમાં નિયમિત નિમણુંક મેળવવા પાત્ર થશે.

## F. વય મર્યાદા:

ઓછા માં ઓછી ૧૮ વર્ષ તથા વધુમાં વધુ તમામ પ્રકારની છુટછાટ સહીત નીચે જણાવ્યા મુજબ રહેશે,

| અ.નં | વર્ગ | પુરૂષ (વધુ માં વધુ ઉંમર) | મહિલા (વધુ માં વધુ ઉંમર) |
|---|---|---|---|
| ૧. | બિન અનામત | ૩૫ વર્ષ | ૪૦ વર્ષ |
| ૨. | અનામત | ૪૦ વર્ષ | ૪૫ વર્ષ |
| ૩. | માજી સૈનિક | ૪૫ વર્ષ | ૪૫ વર્ષ |
| ૪. | દિવ્યાંગ | ૪૫ વર્ષ | ૪૫ વર્ષ |

- **૧૮ થી ૩૫ વર્ષ (જન્મ તારીખ:- ૦૫/૦૧/૧૯૯૦ થી ૦૬/૦૧/૨૦૦૭)**

- **ઉપર જણાવેલ વયમર્યાદામાં અનામત કક્ષાનાં ઉમેદવારોને નિયમોનુસાર છુટછાટ મળવાપાત્ર રહેશે.**

1) તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા (ઉંમર) માટે અરજી કરવાની છેલ્લી તારીખ ધ્યાનમાં લેવામાં આવશે.
2) **આ જાહેરાતમાં દર્શાવેલ ઉંમર કરતાં વધારે ઉંમરવાળા ઉમેદવારે ફોર્મ ભર્યું હશે અને ટેકનીકલ કારણોસર તે ફોર્મ ભરાઈ ગયુ હશે તો તે ફોર્મ આપોઆપ રદ ગણાશે અને આ બાબતે ઉમેદવારને કોઈ જાણ કરવામાં આવશે નહિ.**
3) સામાન્ય મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
4) તમામ અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
5) તમામ અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે
6) સામાન્ય વર્ગના દિવ્યાંગ પુરૂષ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
7) સામાન્ય વર્ગના દિવ્યાંગ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
8) તમામ અનામત વર્ગના દિવ્યાંગ પુરૂષ ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં ૧૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
9) તમામ અનામત વર્ગના દિવ્યાંગ મહિલા ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં ૨૦ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
10) માજી સૈનિક ઉમેદવારોને આ જાહેરાતમાં દર્શાવેલ માજી સૈનિકની સૂચનાઓ મુજબ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે.
11) તમામ કેટેગરીના ઉમેદવારોને મહત્તમ વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

## G. નાગરિકત્વ:-

ઉમેદવાર, (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા (ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ, અથવા (ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ), (ગ), (ઘ), અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- **જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક નિગમ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો નિગમ તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.**

## H. જન્મ તારીખ:-

1. નિગમમાં જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી બોર્ડ ધ્વારા અપાયેલ એસ.એસ.સી.ઈ. નું પ્રમાણપત્ર માન્ય રહેશે અથવા ઉમેદવાર પાસે એસ.એસ.સી.ઈ. નું પ્રમાણપત્ર ઉપલબ્ધ ન હોય તો તેવા કિસ્સામાં શાળા છોડયાનું પ્રમાણપત્ર માન્ય રહેશે. (જન્મ તારીખનો દાખલો માન્ય ગણાશે નહીં.)
2. એસ.એસ.સી.ઈ. ના પ્રમાણપત્ર અથવા શાળા છોડયાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ મુજબ ઉંમરની ગણતરી ધ્યાને લેવામાં આવશે.
3. ઓનલાઈન અરજી પત્રકમાં જન્મ તારીખ એસ.એસ.સી.ઈ. ના પ્રમાણપત્ર અથવા શાળા છોડયાના પ્રમાણપત્ર મુજબ દર્શાવવાની રહેશે, અન્યથા અરજીપત્રક રદ થશે. ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ જન્મ તારીખ આખરી ગણાશે, આ બાબતે પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## I. શૈક્ષણિક લાયકાત:-

1. લઘુત્તમ શૈક્ષણિક લાયકાત, અગ્રતા માટે વધારાની શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરનું પ્રમાણપત્ર, વય, જાતિ વગેરેના પ્રમાણપત્ર / માર્કશીટ અરજીપત્રક ભર્યા તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે, ત્યારબાદના પ્રમાણપત્રો હશે તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહી અને અરજીપત્રક રદ કરવામાં આવશે.
2. **ઉમેદવારે ઓનલાઈન અરજી પત્રક ભરતા સમયે આઈ.ટી.આઈ. / એપ્રેન્ટીસશીપ પાસની માર્કશીટનાં કુલ ગુણ ઉપરથી ટકા કાઢીને જ અરજીપત્રક ભરવાનું રહેશે.**
3. ઉમેદવારે આઈ.ટી.આઈ. / એપ્રેન્ટીસશીપ પાસની માર્કશીટમાં કુલ ગુણ મુજબના દર્શાવેલ ટકા કરતાં ઓનલાઈન અરજીપત્રકમાં ઓછા ટકા દર્શાવ્યા હશે તો તે ટકામાં સુધારો વધારો કરવાની **અથવા** માર્કશીટમાં દર્શાવેલ કુલ ગુણ મુજબના સાચા ટકા જોતા ઉમેદવારનો કટ ઓફ મેરીટમાં સમાવેશ થાય છે તેવી ઉમેદવારની રજુઆત કોઈપણ સંજોગોમાં ધ્યાને લેવામાં આવશે નહી.
4. ઉમેદવાર ઓનલાઈન અરજીપત્રકમાં જે લાયકાત દર્શાવવા માંગતા હોય તે લાયકાતની માર્કશીટમાં જો કુલ ગુણ દર્શાવેલ ન હોય તેવા જ કિસ્સામાં સંસ્થા / બોર્ડ દ્વારા નિયત કરાયેલ પોઈન્ટ સીસ્ટમની ફોર્મ્યુલા પ્રમાણે ટકાવારીની ચોક્કસ ગણતરી કરી ઓનલાઈન અરજીપત્રકમાં બે દશાંશ સુધી- (દા.ત. ૫૦.૨૫%) ટકાવારી દર્શાવવાની રહેશે. **આ માટે જે તે સંસ્થા / બોર્ડની પોઈન્ટ સીસ્ટમની ગણતરીની ફોર્મ્યુલાનાં આધારભુત પુરાવા ઉમેદવારે જાતે જ રજુ કરવાનાં રહેશે.** જો નિયત કરાયેલ પોઈન્ટ સીસ્ટમની ફોર્મ્યુલા પ્રમાણે આવતી ટકાવારી કરતાં ઓનલાઈન અરજીપત્રકમાં ટકાવારી વધુ દર્શાવેલ હશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.
5. આઈ.ટી.આઈ. / એપ્રેન્ટીસશીપ પાસ કામચલાઉ ધોરણે માન્ય રાખવા માટે ઉમેદવારનો હક્કદાવો સ્વીકારવામાં આવશે નહીં.
6. ઉમેદવારે આઈ.ટી.આઈ. / એપ્રેન્ટીસશીપ પાસના કિસ્સામાં સંસ્થા / બોર્ડ ધ્વારા તેમની માન્ય વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ કરેલ હોય અને તેને આધારે ઉપરોક્ત **સુચના નં.૦૧ થી ૫ (જે લાગુ પડતું હોય તે)** ની બાબતો ધ્યાને લઈ અરજી પત્રકમાં ટકાવારીની ક્યુમિલીટીવ વિગતો ભરેલ હશે તો આવા ઉમેદવારે વેબસાઇટ ઉપરના પોતાના પરિણામની પ્રિન્ટ આઉટ મેળવીને પ્રમાણિત કરાવી નકલ અથવા જે તે સંસ્થા / બોર્ડ દ્વારા વેબસાઈટ ઉપર જે તારીખે પરિણામ પ્રસિદ્ધ કરેલ હોય તે બાબતનું લખાણ / પ્રમાણપત્ર રુબરુ ચકાસણી

સમયે રજુ કરવાનું રહેશે. આવી શૈક્ષણિક લાયકાતનું પરિણામ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ થયા પહેલા અરજીપત્રક ભરેલ હોય અને માહિતી સાચી હોય તો પણ તે ગ્રાહય રાખવામાં નહી આવે અને આવા અરજીપત્રક રદ ગણવામાં આવશે.

7. ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ નામ, એસ.એસ.સી.ઈ.નું પ્રમાણપત્ર અથવા શાળા છોડયાના પ્રમાણપત્ર, લાયકાતના પ્રમાણપત્રો તથા અન્ય દસ્તાવેજી પુરાવા મુજબના પોતાના નામ અને અટકમાં જો સ્પેલીંગ મિસ્ટેક હશે તો એફીડેવીટ રજુ કરવાનું રહેશે અને જો નામ કે અટકમાં ફેરફાર કરેલ હોય તો તે સુધારા અંગે અરજી કરવાની છેલ્લી તારીખ પહેલાની સરકારી ગેઝેટની નકલ દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરવાની રહેશે અન્યથા અરજી પત્રક રદ કરવામાં આવશે.

8. ઉમેદવાર નિગમના નીતિનિયમ મુજબ ગુજરાત સરકારશ્રીના સા.વ.વિ.ના ઠરાવ નંબર સી.આર.આર. ૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫ તા.૧૩/૦૮/૨૦૦૮ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનુ બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનુ તાલીમી સંસ્થાનુ પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનીવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીપ્લોમા / ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. ઉમેદવારે સદર ઠરાવ મુજબના આવા પ્રમાણપત્રો / માર્કશીટ (અરજી કરવાની છેલ્લી તારીખ પહેલાના) પસંદગી પૂર્વે અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાના રહેશે જો રજુ નહી કરે તો તેઓનું અરજીપત્રક રદ કરવામાં આવશે.

9. ઉમેદવાર દ્વારા અભ્યાસ અંગેના આંતરરાજ્ય (આઉટ સ્ટેટ) ની માર્કશીટ / પ્રમાણપત્ર / દસ્તાવેજ રજુ કર્યેથી તેની સંતોષકારક ખરાઈ થયા બાદ જ નિમણુંક અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ખોટી માર્કશીટ / પ્રમાણપત્ર / દસ્તાવેજ ધરાવતા ઉમેદવારોનું અરજીપત્રક રદ કરવામાં આવશે અને તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવા નિગમ પાસે અબાધિત હકક રહેશે.

## J. <u>અનામતનો લાભ:-</u>

1. અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ તેમને પસંદગી માટેના ધોરણો બિન અનામત કક્ષાના લાગુ પડશે.
2. મૂળ ગુજરાતના વસાહતી તેવા અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / આર્થિક રીતે નબળા વર્ગ / સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારોને જ અનામત વર્ગના અરજદાર તરીકે લાભ મળશે.
3. ઉમેદવારે અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.
4. જાતિના પ્રમાણપત્ર મુજબની જાતિ ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ ના હોય અથવા ખોટી / જુદી દર્શાવેલ હોય અથવા અરજી કર્યા પછીનું જાતિનું પ્રમાણપત્ર હોય તો તેવા કિસ્સામાં તેવા ઉમેદવારને જો તે ઉમેદવાર જનરલ કેટેગરીની પાત્રતા ધરાવતો હશે તો પણ જનરલ કેટેગરીનો લાભ આપવામાં આવશે નહિ અને અરજીપત્રક રદ કરવામાં આવશે. અરજીપત્રકમાં દર્શાવેલ જાતિ તથા પ્રમાણપત્રોને આખરી ગણવામાં આવશે. અરજીપત્રક ભર્યા બાદ રજુ કરેલ કોઈપણ આધાર પુરાવાને ધ્યાને લેવામાં આવશે નહીં તથા ઉમેરો કે સુધારો કરવામાં આવશે નહીં.

5. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, આર્થિક રીતે નબળા વર્ગ તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કિસ્સામાં નિયત કરેલ સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર હશે તો જ અનામત વર્ગનો લાભ આપવામાં આવશે.
6. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું ગુજરાત સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : સશપ/૧૪૯૪/૯૫૯/અ, તા.૬/૨/૧૯૯૬, ઠરાવ ક્રમાંક : સશપ/૧૧૦૯-૧૬૬૩-અ, તા.૨૭/૪/૨૦૧૦ તથા ઠરાવ ક્રમાંક : સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તા.૨૬/૪/૨૦૧૬ ની જોગવાઈઓ મુજબ નિયત થયેલ ઠરાવથી નિયત કરેલ પરિશિષ્ટ '૪' (ગુજરાતીમાં) ના નમૂનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવેલ હોય તે સહિત ત્રણ વર્ષ સુધીનું રહેશે અને તેમાં જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનો સમાવેશ થતો હોવો જોઈએ અન્યથા આવા અરજદારોને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગનો લાભ મળવાપાત્ર રહેશે નહિં પરિણીત મહિલા અરજદારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા અરજદારોએ તેમના પતિની આવકનાં સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહિ. આ પ્રમાણપત્ર જે નાણાકીય વર્ષમાં મેળવેલ હોય તે સહિત ત્રણ વર્ષના સમયગાળાની આવકને ધ્યાને લઈ, અરજી કર્યા તારીખ સુધીમાં મેળવેલ હોવુ જોઈએ. અરજી સાથે પરિશિષ્ટ '૪' ના બદલે Annexure-A (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો આવા અરજદારોને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગનો લાભ મળવાપાત્ર રહેશે નહિં અને અરજી પત્રક રદ કરવામાં આવશે. કેમકે Annexure-A ભારત સરકાર હેઠળની નોકરી માટેનું છે. જો અરજદારે આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ '૪') અરજી પત્રક સાથે રજુ કરેલ નહીં હોય તો આવા અરજદારોનું અરજી પત્રક રદ કરવામાં આવશે.
7. આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા પરિશિષ્ટ-ગ) માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર (અર્થાત તેઓ EWS Category હેઠળ આવે છે તે મતલબનું પ્રમાણપત્ર) ના નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે તેમજ દસ્તાવેજ ચકાસણી સમયે તે જ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અન્યથા અરજી પત્રક રદ કરવામાં આવશે.
8. સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.
9. જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તો તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## K. અનુસુચિત જનજાતિના પ્રમાણપત્રની ખરાઈ સંદર્ભે રજૂ કરવાનાં પુરાવાઓ:-

અનુ.જનજાતિના ઉમેદવારોને નિમણૂંક આપતા પહેલા જાતિનાં સબંધમાં ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના તા.૨૨/૧૦/૨૦૧૮ નાં ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦૨૦૧૮-૨૬૧૨૩૯-ગ.૨ ની જોગવાઈ તેમજ તે અન્વયે સમયાંતરે થયેલ સુધારા અનુસાર અનુ.જનજાતિના ઉમેદવારોનાં જાતિ પ્રમાણપત્રોની ચકાસણી આદિજાતિ

વિભાગ હેઠળની વિશ્લેષણ સમિતિ / સક્ષમ સત્તાધિકારી ધ્વારા ખરાઈ / ચકાસણી કરવાની રહે છે. આથી કમિશ્નરશ્રી, આદિજાતિ ધ્વારા પ્રમાણપત્રની ખરાઈ સંદર્ભે નીચે મુજબનાં (મુદ્દા નં.૧ થી ૧૧) પુરાવાઓ રજુ કરવાના રહેશે. કમિશ્નરશ્રી, આદિજાતિ જે ઉમેદવારને અનુ.જનજાતિના ઉમેદવાર તરીકે માન્યતા આપશે તે જ ઉમેદવારને અનુ.જનજાતિમાં અનામતનો લાભ મળવાપાત્ર થશે તેમજ નિમણુંક અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

1. ઉમેદવારના શાળા છોડ્યા પ્રમાણપત્રની નકલ
2. ઉમેદવાર ધો ૧ માં જે શાળામાં દાખલ થયેલ હોય તે શાળાના વયપત્રકનો ઉતારો (શાળાના આચાર્યશ્રીની પ્રમાણિત કરેલ નકલ ) **(અસલમાં રજુ કરવું)**
3. ઉમેદવારના જાતિના પ્રમાણપત્રો જેટલા મેળવેલ હોય તે તમામ
4. ઉમેદવારના પિતાના શાળા છોડ્યાનું પ્રમાણપત્રની નકલ
5. ઉમેદવારના પિતા ધો.૧ માં જે શાળામાં દાખલ થયેલ હોય તે શાળાના વયપત્રકનો ઉતારો (શાળાના આચાર્યશ્રીની પ્રમાણિત કરેલ નકલ ) **(અસલમાં રજુ કરવું)**
   i. ઉમેદવારના દાદા ધો.૧ માં જે શાળામાં દાખલ થયેલ હોય તે શાળાના વયપત્રકનો ઉતારો (શાળાના આચાર્યશ્રીની પ્રમાણિત કરેલ નકલ ) **(અસલમાં રજુ કરવું)**
6. ઉમેદવારનાં પિતાનું જાતિ પ્રમાણપત્ર
7. ઉમેદવારનું પેઢીનામું પિતાના દાદા (પરદાદા) થી શરૂ કરી ઉમેદવારના નામ સુધી **(અસલમાં રજુ કરવું)**
8. ઉમેદવારના પેઢીનામા મુજબના વાલી-વારસો પૈકીની જમીનના ગામના નમૂના **નં.૭/૧૨, ૮-અ** ની જનસેવા કેન્દ્રના સહી સિક્કાવાળી નકલ. **(પ્રમાણિત નકલ)**
9. ગામના નમૂના ૭/૧૨ મુજબ સરકારશ્રી ના તા.૪/૪/૧૯૬૧ના જાહેરનામા મુજબ **૭૩ એ** ની નોંધવાળી ગામના નમૂના નં.૬ ની નકલ. **(પ્રમાણિત નકલ)**
10. ગામના નમૂના ૭/૧૨ મુજબ સરકારશ્રી ના તા.૧/૧/૧૯૮૧ના જાહેરનામા મુજબ **૭૩ એએ** ની નોંધવાળી ગામના નમૂના નં.૬ ની નકલ. **(પ્રમાણિત નકલ)**
11. ગીર,બરડા અને આલેચના જંગલના નેશ વિસ્તારમાં રહેતા રબારી,ચારણ અને ભરવાડના કિસ્સામાં ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા.૨૯/૧૦/૧૯૫૬ના જાહેરનામાના દિવસે કે તે પહેલા ગીર, આલેચ અને બરડા જંગલના નેશ વિસ્તારમાં રહેતા તે અને તેમના પૂર્વજોના સીધી લીટીના વારસદાર છે કે કેમ ? તેની ખાત્રી કરવી.ઉક્ત વિસ્તારના ઈસમોની વર્ષ ૧૯૪૭ થી ૧૯૫૬ સુધીની જ મસવાડી પહોંચ માન્ય ગણવી. **(અસલમાં રજુ કરવું)** સદર મસવાડી પહોંચ ફોરેસ્ટ ખાતા પાસે ખરાઈ કરાવવી.મસવાડી પહોંચમાં લખેલ નામથી તેનું જાતિ પ્રમાણપત્ર ખરાઈ કરવાનું હોય ત્યા સુધીનું પેઢીનામું જે તે ગામના તલાટી-કમ-મંત્રીશ્રીની રૂબરૂમાં કરાવેલું રજૂ કરવું. **(અસલમાં રજુ કરવું)**

## L. અનુસુચિત જાતિના પ્રમાણપત્રની ખરાઈ સંદર્ભે રજૂ કરવાનાં પુરાવાઓ:-

અનુસુચિત જાતિના ઉમેદવારોને નિમણૂંક આપતા પહેલા જાતિનાં સબંધમાં ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરિપત્ર ક્રમાંક: અજપ/૧૫૨૦૨૩/૫૪૨૭૨/હ, તા.૧૩/૯/૨૦૨૩ ની જોગવાઈ અનુસાર અનુસુચિત જાતિના ઉમેદવારોનાં જાતિ પ્રમાણપત્રોની ખરાઈ/ ચકાસણી નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ વિભાગની કચેરી / સક્ષમ સત્તાધિકારી ધ્વારા કરવાની રહે છે. આથી નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ વિભાગની કચેરી / સક્ષમ સત્તાધિકારી ધ્વારા પ્રમાણપત્રની ખરાઈ સંદર્ભે નીચે મુજબનાં (મુદ્દા નં.1 થી 12) પુરાવાઓ રજુ કરવાના રહેશે. નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ વિભાગની કચેરી જે ઉમેદવારને અનુસુચિત

જાતિના ઉમેદવાર તરીકે માન્યતા આપશે તે જ ઉમેદવારને અનુસુચિત જાતિ માં અનામતનો લાભ મળવાપાત્ર થશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

1. ઉમેદવારનું શાળા છોડયાનું અસલ / નકલ પ્રમાણપત્ર
2. ઉમેદવારનું અનુસુચિત જાતિનું પેટા જ્ઞાતિની સ્પષ્ટતાવાળું અસલ / નકલ જાતિ પ્રમાણપત્ર
3. ઉમેદવારના પિતાનું શાળા છોડયાનું અસલ / નકલ પ્રમાણપત્ર
4. ઉમેદવારના પિતાનું અનુસુચિત જાતિનું અસલ / નકલ પ્રમાણપત્ર
5. ઉમેદવારના ભાઈ / બહેનના શાળા છોડયાના અસલ / નકલ પ્રમાણપત્રો
6. ઉમેદવારના ભાઈ / બહેનના અનુસુચિત જાતિના અસલ / નકલ પ્રમાણપત્રો
7. પિતા અભણ હોય તેવા કિસ્સામાં દાદા/ કાકા/ફોઈ પૈકી કોઈ એકનો જાતિ પુરવાર થાય તેવો અસલ દસ્તાવેજ અને પેઢીનામુ
8. રેશનકાર્ડ અસલ / નકલ
9. ઉમેદવાર તથા તેઓના પિતાએ જો શાળા છોડયાના પ્રમાણપત્રો ડુપ્લીકેટ મેળવેલ હોય તો આ સાથે સામેલ નિયત નમુના મુજબનો જ પ્રાથમિક શાળાના વયપત્રકનો ઉતારો રજુ કરવો.
10. જો ઉમેદવારની, ઉમેદવારના પિતાની તથા ઉમેદવારના ભાઈ-બહેનની અટક, નામ, પેટા જાતિ અલગ-અલગ હોય તો તે અંગેનું સોગંદનામું અથવા ગેઝેટ અસલ/નકલમાં રજુ કરવું.
11. અનુસુચિત જાતિના સંબંધિત ઇસમ/સભ્ય અગર તો તેના પિતા/પ્રપિતા/વડવાઓ અન્ય રાજયમાંથી સ્થળાંતર કરી ગુજરાત રાજયમાં વસવાટ કરતા હોય તેવા કિસ્સામાં અને પ્રેસીડેન્સીયલ ઓર્ડર તા.૧૦/૦૮/૧૯૫૦ થી બહાર પાડયાની તારીખે અથવા તે પહેલા ગુજરાત રાજયમાં કાયમી વસવાટ ધરાવતા હોય તેવા રેવન્યુ રેકર્ડ આધારીત પુરાવાઓની અસલ તથા પ્રમાણિત નકલ.
12. અનુસુચિત જાતિના સંબંધિત ઇસમ/સભ્ય અગર તો તેના પિતા/પ્રપિતા/વડવાઓ મહારાષ્ટ્રમાંથી સ્થળાંતર કરી ગુજરાત રાજયમાં વસવાટ કરતા હોય તેવા કિસ્સામાં તા.૦૧/૦૫/૧૯૬૦ પહેલા એટલે કે મુંબઈ રાજ્ય વખતે ગુજરાતમાં સ્થાયી થયેલા હોય તેવા રેવન્યુ રેકર્ડ આધારીત પુરાવાઓની અસલ તથા પ્રમાણિત નકલ.

## M. <u>સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ જાતિ પ્રમાણપત્રની ખરાઈ સંદર્ભે રજૂ કરવાનાં પુરાવાઓ:-</u>

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ જાતિના ઉમેદવારોને નિમણૂંક આપતા પહેલા જાતિનાં સબંધમાં ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરિપત્ર ક્રમાંક: સશપ/૧૨૨૦૨૨/૮૬૩૫/અ, તા.૭/૬/૨૦૨૪ ની જોગવાઈ અનુસાર સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોનાં જાતિ પ્રમાણપત્રોની ચકાસણી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી / સક્ષમ સત્તાધિકારી ધ્વારા કરવાની રહે છે. આથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી ધ્વારા પ્રમાણપત્રની ખરાઈ સંદર્ભે નીચે મુજબનાં (મુદ્દા નં.1 થી 10) પુરાવાઓ રજુ કરવાના રહેશે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી જે ઉમેદવારને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે માન્યતા આપશે તે જ ઉમેદવારને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં અનામતનો લાભ મળવાપાત્ર થશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

1. ઉમેદવારનું સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર.
2. ઉમેદવારનાં ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨નું શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા વયપત્રકનો ઉતારો.
3. ઉમેદવારના પિતાશ્રીના શાળા છોડયાનું પ્રમાણપત્ર અને ધોરણ-૧ નો વયપત્રકનો ઉતારો

4. ઉમેદવારની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ / પેટા જાતિ બતાવવામાં આવી હોય તેવા તા.૧/૪/૧૯૭૮ કે તે પહેલાના પિતા સિવાયના પિતૃપક્ષના આધારો એટલે કે કાકા/ફોઈ/દાદા/પરદાદાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર અને ધોરણ-૧ ની શાળાનો વયપત્રકનો ઉતારો તેમજ તલાટી કમ મંત્રી/રેવન્યુ તલાટી સમક્ષનું પેઢીનામુ રજુ કરવાનું રહેશે.
5. ઉમેદવારની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ/પેટા જાતિ બતાવવામાં આવી હોય તેવા તા.૧/૪/૧૯૭૮ કે તે પહેલાના પિતૃપક્ષના એટલે કે કાકા/ફોઈ/દાદા/પરદાદાના મહેસુલી રેકર્ડ (જેમાં જાતિ દર્શાવવામાં આવેલ હોય) જેવા કે,
   (i) ૬-અ મુળ હકક પત્રકની નોંધો
   (ii) જુના ૭/૧૨ ના ઉતારા
   - જમીન, મકાન કે અન્ય સરકારી વ્યવહાર માટે કરેલ કાગળો (જેમાં જાતિ દર્શાવવામાં આવેલ હોય) જેવા કે,
   (i) જમીન મકાનના દસ્તાવેજો
   (ii) પૈસા / જમીનની આપ-લેના દસ્તાવેજો
   (iii) જન્મ-મરણની નોંધણી (ગામ નમુનો નંબર-૧૪)
   (iv) વિવિધ વેરા જેવા કે, પાણી વેરા અથવા મકાન વેરાની પાવતીઓ, જુના કોર્ટ કેસ કે પોલીસ કેસને લગતા આધારો.
   (v) સરકારી/અર્ધ સરકારી/સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સેવામાં જોડાયેલ હોય તો સેવાપોથીના પ્રથમ પાના કે જેમાં જાતિ દર્શાવી હોય.
6. મુળ ગુજરાત રાજ્યના વતની ન હોય તેવા અન્ય રાજયોમાંથી સ્થળાંતર થયેલ આ ઉમેદવારના કિસ્સામાં તેઓના પિતા/દાદા/સીધી લીટીના વડવાઓ તા.૧/૪/૧૯૭૮ પહેલાંથી ગુજરાત રાજયમાં કાયમી વસવાટ ધરાવે છે તે પુરવાર થાય તેવા રેશનકાર્ડ, મતદારયાદી, નોકરી, ધંધા, વેરા, સ્થાવર મિલ્કતની ખરીદ-વેચાણ કે માલીકી અંગેના પુરાવા અથવા અન્ય સરકારી રેકર્ડ આધારીત પુરાવા.
7. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ પુરવાર થાય તેવા અગત્યના Probative Value ધરાવતા અન્ય જે કોઈ આધાર/પુરાવા હોય તે.
8. ઉમેદવારનું હાલનું સરનામું દર્શાવતું સરકારી ઓળખપત્ર (દા.ત. આધારકાર્ડ, ચુંટણીકાર્ડ વગેરે)
9. ઉમેદવારના પિતાનું સરકારી ઓળખપત્ર (દા.ત. આધારકાર્ડ, ચુંટણીકાર્ડ વગેરે)
10. ઉપરોક્ત આધાર/પુરાવાઓ પૈકી કોઈ પણ આધાર/પુરાવા પિતા સિવાયના પિતૃપક્ષના અન્ય સંબધીઓ જેમ કે, પરદાદા/દાદા/કાકા/ફોઈ વેગેરેના હોય તો તલાટી કમ મંત્રી/રેવન્યુ તલાટી સમક્ષનું પેઢીનામું રજુ કરવાનું રહેશે.

## N. માજી સૈનિક:-

1. માજી સૈનિક ઉમેદવારે ડીસ્ચાર્જ બુક, ઓળખ કાર્ડ / પ્રમાણપત્ર વિગેરેની નકલ રજુ કરવાની રહેશે અન્યથા અરજી પત્રક રદ કરવામાં આવશે.
2. માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને આર્મ ફોર્સીસમાં સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેમજ માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ / પ્રમાણપત્ર અને ડીસ્ચાર્જ બુક ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં

તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) વર્ષ સુધીની છૂટછાટ મળશે પરંતુ કોઇપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતા ઉંમર વધવી જોઈએ નહી.

3. નિવૃત્તિના એક વર્ષ અગાઉ આર્મીમાં ફરજ બજાવતા ઉમેદવાર માજી સૈનિક તરીકે અરજી પત્રક ભરી શકશે. આ બાબતે દસ્તાવેજ ચકાસણી સમયે આર્મી બોર્ડ ધ્વારા અપાયેલ **N.O.C.** રજુ કરવાનું રહેશે.
4. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સબંધિત જે તે કેટેગરી (GENERAL, EWS, SC, ST, SEBC) સામે સરભર કરવામાં આવશે.
5. માજી સૈનિક ઉમેદવારોની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય માજી સૈનિક ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તેની જગ્યા જે તે કેટેગરીના અન્ય ઉમેદવારોને ફાળવી નિમણુંક આપી શકાશે.

## O. દિવ્યાંગ ઉમેદવાર:-

1 સરકારશ્રી દ્વારા નિગમની હેલ્પર કક્ષામાં નીચે દર્શાવ્યા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી નોંધાવી શકે તે માટે મંજુરી આપેલ છે જે આ જાહેરાતના હેતુ માટે માન્ય ગણાશે. દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓની સંખ્યા નીચે મુજબ છે :

| ક્રમ | દિવ્યાંગતાની કેટેગરી | અનામત જગ્યાની ટકાવારી | દિવ્યાંગતાનો પ્રકાર | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | A | 1% | B, LV | 17 |
| ૨ | B | 1% | D, HH | 17 |
| ૩ | C | 1% | OA, BA, OL, OAL, CP, LC, Dw, AAV | 16 |
| ૪ | D & E | 1% | (d) ASD (M,MoD), SLD, MI<br>(e) MD involving (a) to (d) above | 16 |

2 સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭-૯-૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:-સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ-૨ થી દિવ્યાંગતાના ખંડ (કેટેગરી) નીચે મુજબ નકકી કરેલ છે:-

| |
|---|
| ખંડ (કેટેગરી) A = અંધત્વ અને ઓછી દ્રષ્ટિ |
| ખંડ (કેટેગરી) B = બધિર અને ઓછું સાંભળનાર |
| ખંડ (કેટેગરી) C = મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રકતપિતમાંથી સાજા થયેલ,વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ, |
| ખંડ (કેટેગરી) D = સ્વલીનતા (aulism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી, |
| ખંડ (કેટેગરી) E = બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (A) થી (D) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યકિત. |

3 શારીરિક અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા ઉમેદવારોએ ઓનલાઇન અરજીમાં સક્ષમ સત્તાધિકારી ધ્વારા આપેલ દિવ્યાંગતાના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઇન અરજીપત્રકમાં યોગ્ય કોલમમાં અચુક દર્શાવવાનો રહેશે.

4 નિયમાનુંસાર શારીરિક અશકતતા ધરાવતાં હોય તેવા (દિવ્યાંગ) ઉમેદવારને જ શારીરિક અશકતતા (દિવ્યાંગતા)નો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશકતતા (દિવ્યાંગતા) નો લાભ મેળવવા ઇચ્છતા

ઉમેદવારે ઉપરોકત ક્રમ-1 પૈકીની કઇ શારીરિક અશકતતા (દિવ્યાંગતા) છે તે ઓનલાઇન અરજીમાં સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

5 શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારે તેના દાવાના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા ૧-૧૨-૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંક:- પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ-૨ થી તેમજ વખતોવખત નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવીલ સર્જન / મેડીકલ બોર્ડ ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર જ માન્ય ગણવામાં આવશે તેમજ આ અસલ પ્રમાણપત્ર સક્ષમ સતાધિકારી ધ્વારા માંગણી કરાયેથી અચુક રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર નિગમ સમક્ષ રજુ કરવામાં નહીં આવે, તેવા કિસ્સામાં જે તે ઉમેદવારને શારીરિક અશકતતા (દિવ્યાંગતા) ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં અને અરજીપત્રક પાત્ર ગણવામાં આવશે નહિ.

6 લહિયા/વળતર સમયની સુવિધા મેળવવા માંગતા દિવ્યાંગ ઉમેદવારોએ રજુ કરવાના થતા નિયત ફોર્મ્સનાં નમુના તેમજ તે સંબધિત જરૂરી સુચનાઓ નિગમની વેબસાઈટ **https://gsrtc.in** ઉપર અલાયદી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

7 સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૨/૨૦૨૪ ના પરિપત્ર ક્રમાંક : GAD/PHA/e-file/1/2023/ 8017/G2-Section ની જોગવાઈ મુજબ દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા માંગતી દિવ્યાંગ વ્યકિતએ સક્ષમ સત્તાધિકારી ધ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર કોઈ જગ્યા માટે આવી વ્યકિતની પસંદગી સમયે સક્ષમ સત્તાધિકારી ધ્વારા નકકી કરવામાં આવે તે પ્રમાણે ખરાઈ / પુન: ખરાઈને આધિન રહેશે.

8 સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ-૨, તા ૧૭-૯-૨૦૨૧ ની જોગવાઇ મુજબ સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગો માટે નકકી કરવામાં આવેલ અનામત જગ્યા માટે નિયત કટ ઓફ માર્કસને ધ્યાને લેતા સંબંધિત દિવ્યાંગતાની સબ કેટેગરી માટેના ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તેવા સંજોગોમાં નકકી કરવામાં આવેલી દિવ્યાંગતાઓ પૈકી અન્ય દિવ્યાંગતા ધરાવતી વ્યકિતથી આવી જગ્યા ભરવામા આવશે એટલે કે દિવ્યાંગ ઉમેદવારો માટેની અનામતની સબ કેટેગરીમાં પરસ્પર અદલા બદલી ઉપર દર્શાવેલા સંજોગોમાં કરવામાં આવશે.

9 હેલ્પર કક્ષા માટે માન્ય કરેલ દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો કે જેઓ લખવા માટે અસમર્થ હોય તેવા ઉમેદવારોએ ઓનલાઈન અરજીપત્રકમાં લહીયાની સુવિધા મેળવવા માટે જણાવવાનું રહેશે. પાછળથી આવી સુવિધા મેળવવાની વિનંતી વિચારણામાં લેવામાં આવશે નહીં. આવા લહિયાની શૈક્ષણિક લાયકાત ધોરણ-૯ પાસથી વધુ ન હોવી જોઈએ.

10 લહિયાની સુવિધા મેળવનાર ઉમેદવારોને પરીક્ષામાં દર કલાક દીઠ ૨૦ મિનીટનો વળતર સમય (Compensatory Time) મળવાપાત્ર રહેશે.

11 દિવ્યાંગ અનામતનો લાભ મેળવનાર ઉમેદવારનું સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતાનું પ્રમાણપત્ર પસંદગી સમયે ખરાઈ / પુનઃખરાઈ થયા બાદ જ યોગ્ય જણાયે નિયમાનુસાર નિમણુંક આપવામાં આવશે.

12 દિવ્યાંગ કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સબંધિત જે તે કેટેગરી (GENERAL, EWS, SC, ST, SEBC) સામે સરભર કરવામાં આવશે.

## P. મહિલા ઉમેદવાર:-

1 મહિલા ઉમેદવારોએ અરજીપત્રકમાં પિતાના નામને બદલે પતિનું નામ દર્શાવેલ હશે તો તે અંગેનું મેરેજ સર્ટીફીકેટ (લગ્ન નોંધણી પ્રમાણપત્ર) / સોગંદનામું (નોટરી કરાવી) / ગેઝેટ રૂબરૂ દસ્તાવેજ ચકાસણીના સમયે રજુ કરવાનું રહેશે.

2 મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તેની જગ્યા જે તે કક્ષાના પુરૂષ ઉમેદવારોને ફાળવી નિમણુંક આપી શકાશે.

## Q. વિધવા ઉમેદવાર:-

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૯૬-૨૨૧૩-ગ-રમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે ભરતીના તમામ તબક્કે એટલે કે ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) લેખિત પરીક્ષામાં મેળવેલ માર્ક્સના ૫% ગુણ ઉમેરી પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે પરંતુ તેઓએ નિમણુંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોવા જોઇએ, ઉપરાંત નિગમ માંગે ત્યારે તેના તમામ પુરાવા નિગમને અસલમાં રજુ કરવાના રહેશે.

વિધવા મહિલા ઉમેદવારે વિધવા હોવાનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર,પતિનાં મરણનો દાખલો પુનઃલગ્ન કરેલ નથી તે મુજબનું એફિડેવીટ દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. જો દસ્તાવેજ ચકાસણી સમયે આવા પ્રમાણપત્ર રજુ નહી કરે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.

## R. રમતવીર ઉમેદવાર:-

ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૭૩-૨૬૬૦-ગ-૨ માં જણાવેલ માન્ય રમતોમાં તેમજ તે અન્વયે વખતો વખત થયેલ સુધારેલ જોગવાઈ મુજબની રમતોમાં મેળવેલ માન્ય પ્રમાણપત્ર ધરાવતા રમતવીરોને નિગમમાં સ્પર્ધાત્મક પરીક્ષા એટલે કે O.M.R. પરીક્ષા પદ્ધતિની લેખિત કસોટીમાં રમતવીર ઉમેદવારોએ મેળવેલ ગુણના ૫% ગુણ ઉમેરવાની જોગવાઈ નિયત કરાયેલ હોઈ તે મુજબ લાભ મળવાપાત્ર થશે. પરંતુ તેઓએ દસ્તાવેજ ચકાસણી સમયે નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે આવા પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હકદાર થશે. જો દસ્તાવેજ ચકાસણી સમયે આવા પ્રમાણપત્ર રજુ નહી કરે તો અરજીપત્રક રદ કરવામાં આવશે. રમતવીર તરીકે ઉમેદવારી કરનાર ઉમેદવારનું રમતવીરનું પ્રમાણપત્ર સ્પોર્ટસ ઓથોરીટી ધ્વારા ખરાઈ થયા બાદ તે પ્રમાણપત્ર યોગ્ય માલુમ પડયા બાદ નિમણુંકની કાર્યવાહી કરવામાં આવશે. અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

## S. ના વાંધા પ્રમાણપત્ર (N.O.C):-

ગુજરાત સરકારશ્રીના સરકારી / અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ નિગમની જાહેરાતના સંદર્ભમાં ઓનલાઈન અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે તથા "**ના વાંધા પ્રમાણપત્ર**" મેળવવાનું રહેશે. રૂબરૂ દસ્તાવેજ ચકાસણી સમયે નમૂનાં મુજબનું "**ના વાંધા પ્રમાણપત્ર**" રજુ કરવાનું રહેશે. નમૂનો નીચે મુજબ છે.

## <u>ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો</u>

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી ............................................, હોદ્દો..............................................આ ..............................................ખાતામાં તા. .......................થી સતત જગ્યા પર કામ કરે છે.

૧. એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જ્યારે તેઓની સરકારમાં પ્રથમ નિમણૂક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણૂક માન્ય પદ્ધતિ દ્વારા હંગામી/કાયમી રીતે કરવામાં આવી છે.

૨. જગ્યાનું નામ : ...................................................................... (વર્ગ - ............... જે જગ્યા માટે શ્રી/શ્રીમતિ ......................................................... એ અરજી કરી છે તે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતાને હરકત સરખું નથી.

( )

નામ

હોદ્દો

સ્થળ : ખાતાના વડા / અધિકૃત અધિકારીની સહી તથા સિક્કો

તારીખ :

પ્રતિ,

શ્રી ..................................

.......................................

.......................................

## T. <u>સંયુકત પરીક્ષા અંગેની ઓનલાઈન પ્રોસેસ ફી</u>

ઓનલાઈન અરજીપત્રક ભરતી સમયે બિનઅનામત (GENERAL), આર્થિક રીતે નબળા વર્ગ (EWS), સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), અનુ.જાતિ (SC), અનુ.જનજાતિ (ST), માજી સૈનિક (Ex. ARMY) તથા દિવ્યાંગ (PH) કેટેગરીના તમામ પુરુષ / મહિલા ઉમેદવારોએ નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની સંયુકત પરીક્ષા અંગેની ઓનલાઈન પ્રોસેસ ફી https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર ફરજીયાત ભરવાની રહેશે. જે ઉમેદવારોનો ૧:૧૫ ના રેશિયો મુજબ ૧૦૦ ગુણની ઓ.એમ.આર. લેખિત પરીક્ષા આપવા માટે સમાવેશ થતો ન હશે તો તેવા સંજોગોમાં તેવા ઉમેદવારોએ ભરેલ સંયુકત પરીક્ષા અંગેની ઓનલાઈન પ્રોસેસ ફી કોઈ પણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં. **<u>જે ઉમેદવાર દ્વારા એક કરતા વધુ અરજીપત્રકો ભરેલ હશે તેવા કિસ્સામાં ઉમેદવારનું અંતિમ અરજીપત્રક ધ્યાને લેવામાં આવશે અને તે અંતિમ અરજીપત્રકમાં ફી ભરેલ હશે તો જ તે અરજીપત્રક માન્ય રાખવામાં આવશે એટલે કે જો ઉમેદવાર દ્વારા ભરેલ અંતિમ અરજીપત્રકમાં ફી ભરેલ નહિ હોય તો તે અરજીપત્રક તેમજ તે અગાઉના ભરેલ અરજીપત્રકો પણ ધ્યાને લેવામાં આવશે નહિ.</u>**

| બિન અનામત વર્ગ | અનામત વર્ગ<br>(તમામ કેટેગરીની મહિલા, સા.શૈ.પ.વર્ગ, અનુ.જાતિ., અનુ.જન.જાતિ., આર્થિક રીતે નબળા વર્ગ, દિવ્યાંગ અને માજી સૈનિક ઉમેદવારો) |
|---|---|
| રૂ. ૩૦૦/- + જી.એસ.ટી. | રૂ. ૨૦૦/- + જી.એસ.ટી. |

## U. <u>અન્ય અગત્યની સુચનાઓ</u>:

1. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઈટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
2. **<u>ઓનલાઈન અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓ અને ઓનલાઈન અરજીપત્રક ભરવા બાબતની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતિ છે અને ત્યારબાદ જ ઓનલાઈન અરજી પત્રક ભરવું</u>.**
3. સંબંધિત જગ્યાઓની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમા ફેરફાર કરવાની અને આ જાહેરાતની સુચનાઓમાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાનો કે રદ કરવાનો નિગમને સંપૂર્ણ અબાધિત હકક/અધિકાર રહેશે અને નિગમ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી તેમજ તેવા સંજોગોમાં ઓનલાઈન અરજી પત્રક ભરનાર તમામ ઉમેદવારો દ્વારા ભરેલ સંયુકત પરીક્ષા અંગેની ઓનલાઈન પ્રોસેસ ફી પરત મળવાપાત્ર થશે નહી એટલે કે નોન રીફંડેબલ રહેશે.
4. ઓનલાઈન અરજીપત્રકમાં ઉમેદવાર દ્વારા દર્શાવેલ વિગતો જેવી કે વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગત ખોટી દર્શાવેલ હશે તો તે માટે ઉમેદવાર પોતે જવાબદાર રહે છે.
5. આ કક્ષા માટે નિગમ દ્વારા અરજીપત્રક ઓનલાઈન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું નિગમને માલુમ પડશે તો તેવા ઉમેદવારની ઉમેદવારી રદ કરવાનો નિર્ણય નિગમ લેશે.
6. ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું પ્રમાણપત્ર ઓનલાઈન આપવાનું રહેતુ હોઈ, જો કોઈ ખોટી વિગત રજુ કરશે તો તેનુ ફોર્મ રદ થવા પાત્ર બનશે અને આવા ઉમેદવાર સામે ધોરણસરની કાર્યવાહી કરવા નિગમ પાસે અબાધિત હકક રહેશે.
7. ઉમેદવાર જો ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, સરકારી કે અર્ધ સરકારી સંસ્થા, અન્ય બોર્ડ કે કોર્પોરેશનમાં નોકરી કરતા હોય તો તેની સ્પષ્ટ વિગતો અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે અન્યથા પાછળથી આવી માહિતી માલુમ પડશે તો ઉમેદવાર પસંદ થયેલ હશે તો પણ તેઓની પસંદગી રદ કરવામાં આવશે.
8. અરજી કરનાર ઉમેદવાર જો ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, સરકારી કે અર્ધ સરકારી સંસ્થા, અન્ય બોર્ડ કે કોર્પોરેશનમાંથી બરતરફ કે રૂખસદ થયેલ હોય તો તેની વિગત ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે અન્યથા આવા ઉમેદવારોના અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહીં.
9. વ્યક્તિગત માહિતી, લઘુત્તમ તેમજ અગ્રતા માટેની વધારાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ, કોમ્પ્યુટર સર્ટી. તેમજ અન્ય વિગતોની ચકાસણી નિગમ દ્વારા કરવામાં આવશે અને આ અંગે નિગમનો નિર્ણય જ અંતિમ રહેશે.
10. ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે નિગમની

સેવા સારૂં તે ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય ન જણાય તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

11. આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગની જાહેરાતમાં દર્શાવેલ જોગવાઈ મુજબ પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

12. ભરતી પ્રક્રિયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવી બાકાત રાખવામાં આવશે.

13. લઘુત્તમ તેમજ અગ્રતા માટેની વધારાની શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ કેટેગરી (SC,ST,SEBC,EWS), માજી સૈનિક, દિવ્યાંગ, સ્પોર્ટસ અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઈન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે.

14. ઓનલાઈન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ નિગમ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહેશે એવા પુરાવા રજુ નહીં કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે – તે તબક્કેથી "રદ" ગણવામાં આવશે.

15. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો અને તે મોબાઈલ નંબર બદલવો નહીં.

16. ઉમેદવાર પોતે લેખિત પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે નિગમ માટે ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

17. કોઇ પણ અરજીપત્રકો ટપાલ કે રૂબરૂમાં નિગમની કચેરી અથવા NIC સંસ્થાને મોકલવાના રહેશે નહિ. આવા મોકલી આપેલ અરજીપત્રકો દફતરે કરવામાં આવશે તેમજ તેની કોઇ પણ જાણ ઉમેદવારને કરવામાં આવશે નહિ.

18. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ કોઇપણ વિગત અસલ પ્રમાણપત્રો, ફોટોગ્રાફ સહિતની ખોટી એટલે કે, બોગસ / જુદી / અલગ બતાવેલ / છુપાવેલ હશે તો તેનું ઉમેદવારીપત્રક કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેને લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે અથવા નિમણૂંક આપી દીધેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે અને આવા ઉમેદવાર સામે ધોરણસરની કાર્યવાહી કરવા નિગમ પાસે અબાધિત હકક રહેશે.

19. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ કોઇપણ વિગત અસલ પ્રમાણપત્રો, ફોટોગ્રાફ સહિતની ખોટી એટલે કે, બોગસ / જુદી / અલગ ભરેલ હશે અને તે વિગતો શરતચુકથી ભરેલ હોવાનું જણાવી તે સુધારવા બાબતે પાછળથી કોઇ લેખીત કે મૌખિક રજુઆત કરવામાં આવશે તો તે ગ્રાહય રાખવામાં આવશે નહી અને આવી રજુઆતો બાબતે કોઇ જ કાર્યવાહી કરવામાં આવશે નહી તેમજ અરજીપત્રક આપો આપ રદ ગણાશે.

20. ઉમેદવારને કોઇપણ સક્ષમ કોર્ટ ધ્વારા ગુન્હેગાર ઠરાવેલ હોય અથવા તેમની સામે કોઇ પણ પોલીસ ઓથોરીટી અથવા ફોજદારી કોર્ટ સમક્ષ કેસ / ફરીયાદ પડતર હશે તો તેમજ તેવા કોઇપણ કેસમાં સજા થયેલ હશે તો તેવા ઉમેદવારોના અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહીં. જો આવા ઉમેદવાર ધ્વારા આવી માહિતી છુપાવીને પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે તેમજ આવા કેસ / ફરીયાદ અન્વયે તેઓ બાદમાં નિર્દોષ પુરવાર થાય તો પણ તેઓ નિમણુંક માટે દાવો કરી શકશે નહીં.

21. ઓનલાઇન અરજીપત્રકમાં જો કોઇ ઉમેદવાર દ્વારા સાચી વિગતો છુપાવીને ખોટી માહિતી ભરવામાં આવશે તો તેવા ઉમેદવાર સામે પોલીસ ફરીયાદ કરવા સુધીની કાર્યવાહી કરવા નિગમ પાસે અબાધિત હકક રહેશે.

22. નિગમ ધ્વારા યોજેલ આ ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાપાત્ર થશે.

23. ઉમેદવારના નામમાં ભાઈ કે બહેન હશે અને ફોટોગ્રાફ સ્પષ્ટ રીતે તેઓના જેન્ડર મુજબ જણાતો નહી હોય અથવા ફોટોગ્રાફ અસ્પષ્ટ હશે તો અરજદારનું અરજીપત્રક રદ કરવામાં આવશે.

24. **દરેક ઉમેદવાર દ્વારા અરજીપત્રક confirm કરવું તેમજ નિયત સંયુક્ત પરીક્ષા પ્રોસેસ ફી ઓનલાઈન ભરવી ફરજીયાત છે અને ભરેલ સંયુક્ત પરીક્ષા પ્રોસેસ ફીની રસીદ/પહોંચની પ્રિન્ટ પોતાની પાસે સાચવીને રાખવાની રહેશે. confirm** થયા વિનાની તેમજ **સંયુક્ત પરીક્ષા પ્રોસેસ ફી** ભર્યા વિનાની અરજી ધ્યાને લેવામાં આવશે નહિ.

25. સીધી ભરતીની જાહેરાતમાં દર્શાવેલ અનામત / બિનઅનામત જગ્યાઓની ૨૦%ની મર્યાદામાં કેટેગરીવાઈઝ પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે તેમજ પ્રતિક્ષાયાદી (વેઇટીંગ લીસ્ટ) પ્રસિધ્ધ થયા તારીખથી બે વર્ષ અથવા આ કક્ષાની ભરતી પ્રક્રીયા માટે હવે પછીની પહેલી જાહેરાતની પરિક્ષાનું પરિણામ જાહેર થાય તે પૈકી જે વહેલું હોય તેના આગળના દિવસ સુધી (કચેરી સમય સુધી જ) અમલમાં રહેશે. આ સમય મર્યાદા પુરી થતાં પ્રતિક્ષાયાદી આપોઆપ રદ થયેલ ગણાશે. પ્રતિક્ષાયાદી રાખવાની ટકાવારીમાં જરુર જણાય તો ફેરફાર કરવાનો નિગમને અબાધીત હક્ક રહેશે.

26. કોર્ટ સમક્ષ કોઈ પડતર વિવાદ, મનાઈ હુકમ, ચુંટણીની આચારસંહિતાનો અમલ કે બીજા અનિવાર્ય વહીવટી કારણોસર પસંદગીયાદી પરના ઉમેદવારને નિમણુંક આપવામાં જો છ માસ કરતા વધુ સમય જાય તો તેવા સંજોગોમાં પસંદગીયાદી પરના છેલ્લા ક્રમાંકના ઉમેદવારનો નિમણુંક હુકમ જે તારીખે કરવામાં આવે તે તારીખથી દોઢ વર્ષ અથવા તો તે પછીની પરીક્ષાનું પરિણામ જાહેર થાય તે પૈકી જે વહેલું હોય તેના આગળના દિવસ સુધી (કચેરી સમય સુધી જ) પ્રતિક્ષાયાદી (વેઇટીંગ લીસ્ટ) અમલમાં રહેશે.

27. નિગમને જરુર જણાયેથી પ્રોવિઝનલ પસંદગીયાદી / પ્રતિક્ષાયાદીનાં આધારે નિમણૂકની કાર્યવાહી હાથ ધરી શકશે, પ્રોવિઝનલ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારની પસંદગી બાબતે નિગમની જોગવાઈ મુજબ સુસંગત ન જણાયેથી તેઓને નિમણૂંક આપી દીધી હશે તો પણ રદ થઇ શકશે.

28. **સમગ્ર ભરતી પ્રક્રીયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ભરતી સંબંધી કોઈપણ પ્રકારની માહીતી માંગતી આર.ટી.આઈ. એક્ટ હેઠળની કોઈપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.**

29. આ જાહેરાત માટે ન્યાયીક ક્ષેત્ર અમદાવાદ રહેશે.

**મુખ્ય મહેકમ અધિકારી,**
**વહીવટી ખાતું,**
**ગુ.રા.મા.વા.વ્ય.નિગમ મધ્યસ્થ કચેરી,**
**રાણીપ બસ સ્ટેશન પાસે,રાણીપ અમદાવાદ.**

# અરજી કરવાની રીત :

આ જાહેરાતના સંદર્ભમાં નિગમ ધ્વારા ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. તમો આ જાહેરાતમાં દર્શાવેલ સમયગાળા દરમ્યાન https://ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશો. તમોએ (૧) સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in પર જવુ હવે (૨) "Apply Online Click કરવુ. (૩) હેલ્પર કક્ષા પર click કરવાથી તે જગ્યાની વિગતો / અન્ય માહિતી મળશે. (૪) તેની નીચે Apply Now પર click કરવાથી Application ના Format ખુલશે જેમાં સૌ પ્રથમ Personal Details તમોએ ભરવી. **(અહિં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.)** (૫) Personal Details ભરાયા બાદ Minimum Educational Details ભરવા માટે Educational Qualification પર Click કરવું. (૬) વધારાની લાયકાત દર્શાવવા માટે Additional Educational Qualification ઉપર Click કરીને તેની વિગતો ભરવી. જો તમો લઘુતમ / અગ્રતા માટેની વધુ લાયકાતો ધરાવતા હોય તો તમને ફાયદાકારક હોય તેવી દરેકમાં કોઇ પણ એક જ લાયકાત અરજીપત્રકમાં દર્શાવવી. જેમાં પાછળથી કોઇ ફેરફારને અવકાશ રહેશે નહી. (૭) કોમ્પ્યુટરની જાણકારી માટેની લાયકાત ભરવા માટે Computer knowledge ઉપર Click કરીને તેની વિગતો ભરવી. (૮) તેની નીચે Self declaration પર Click કરો ત્યાર બાદ (૯) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર Click કરવું. હવે અરજી પુર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૧૦) હવે Save પર Click કરવાથી તમારી અરજીનો Online સ્વીકાર થશે. (૧૧) અરજી કર્યા બાદ તમારો Application Number Generate થશે. જે તમારે સાચવીને રાખવાનો રહેશે. (૧૨) હવે Upload Photograph પર Click કરો. અહી તમારો Application Number type કરો અને તમારી Birth date type કરો ત્યાર બાદ OK પર Click કરો. અહિં Photo અને Signature Upload કરવાના છે. (Photoનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signatureનું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) (Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature jpg format માં (10 KB સાઇઝથી વધારે નહિ તે રીતે) computer માં હોવા જોઇએ.) "Browse" button પર click કરો હવે Choose file ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને select કરો અને "open" button ને click કરો. હવે તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. (૧૩) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને Application number તથા birth date ટાઇપ કર્યા બાદ OK પર કિલક કરવાથી ર બટન (૧) Show application preview અને (૨) Confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવુ. જો અરજી સુધારવાની જરુર ન જણાય તો confirm application પર click કરો તેથી તમારી અરજીનો નિગમમાં online સ્વીકાર થઇ જશે. **(અરજી Confirm કરવી ફરજીયાત છે.)** અહિં **"confirmation number"** generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરુરી હોઇ તમારે સાચવવાનો રહેશે. (૧૪) હવે અનામત અને બિનઅનામત કેટેગરીના તમામ ઉમેદવારોએ (દિવ્યાંગ તથા માજી સૈનિક ઉમેદવાર સહિત) "Online Payment of Fees" પર click કરવું. તમે કરેલ અરજીની જાહેરાત પસંદ કર્યા બાદ તમારો **"confirmation number"** type કરીને જન્મ તારીખ નાંખી સંયુકત પરીક્ષા અંગેની ઓનલાઈન પ્રોસેસ ફી "Online Payment Gateway" મારફત ભરવાની રહેશે. (૧૫) હવે print application પર click કરવું. તમે કરેલ અરજીની જાહેરાત પસંદ કર્યા બાદ તમારો **"confirmation number"** type કરીને જન્મ તારીખ નાંખવાથી print બટન મળશે print બટન પર click કરી અરજીની પ્રિન્ટ કાઢી સાચવી રાખવી.